# SHREE VASISHTHA VIDHYALAYA

GUJARATI MEDIUM / BILINGUAL MEDIUM / ENGLISH MEDIUM (GSEB)

॥ परस्परं भावयन्त: ॥

## અન્ન દાન મહાદાન પ્રકલ્પ

## અંતર્ગત

# "એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન"

આત્મીય, વાલીશ્રી વંદે માતરમ્...!

સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે માનવીય મૂલ્યોનું સંવર્ધન અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીઓમાં સેવાભાવ, સંવેદનશીલતા તથા દાનની ભાવના વિકસે તે માટે સુરત શહેરમાં દર વર્ષે **"એક મુઠ્ઠી ધાન અને એક રૂપિયો દાન"** નામે એક સામૂહિક અભિયાનનું આયોજન કરવામાં આવે છે, જે આપ જાણો છો.

આ અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સ્વેચ્છાએ એક મુઠ્ઠી ધાન (ઘઉં કે ચોખા) તથા એક રૂપિયો દાન આપવામાં આવે છે. આ રીતે એકત્ર થતું અનાજ અને રકમ ગરીબ, જરૂરિયાતમંદ અને વંચિત વર્ગના લોકોની સહાય માટે ઉપયોગમાં લેવાય છે. છેલ્લા કેટલાય વર્ષોથી આ અભિયાન દ્વારા મોટા પ્રમાણમાં અનાજ તથા આવશ્યક સામગ્રી એકત્ર થઈ છે અને અનેક પરિવારોને મદદરૂપ બની છે.

આ વર્ષે પણ આ અભિયાનને વધુ વ્યાપક અને અસરકારક બનાવવા માટે આપશ્રીનો સહયોગ ખૂબ જ મહત્વનો છે.

આપ સુવિદિત છો કે 14 જાન્યુઆરીના રોજ સમગ્ર ભારતમાં મકરસંક્રાંતિનો તહેવાર ઉત્સાહપૂર્વક ઉજવાય છે. મકરસંક્રાંતિ એટલે સમરસતા, સેવા અને દાન આપવાનો પર્વ. આપણી ભારતીય સંસ્કૃતિમાં દાનનું મહત્વ ખૂબ જ વધારે છે.

PTO

अल्पमपि क्षितौ क्षिप्तं वटबीजं प्रवर्धते ।
जलयोगात् यथा दानात् पुण्यवृक्षोऽपि वर्धते ॥

જેમ જમીન પર નાખેલું એક વટવૃક્ષનું નાનું બીજ, પાણીના યોગથી વધે છે મોટું થાય છે, એવી જ રીતે પુણ્યવૃક્ષ પણ દાનથી મોટું થાય છે. આ સુક્તિને સાર્થક કરવા સુરતની ભૂમિ હંમેશા તત્પર રહી છે. કર્ણનો દાન આપવાનો ગુણ સુરતની ભૂમિના કણ-કણમાં સમાયેલ છે.

આપણી સંસ્કૃતિમાં દાનનો વિશેષ મહિમા છે. જેમ કે અન્નદાન, ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદાનનો મહિમા રહેલો છે. આ લોકમાં સર્વે દાનોમાં પણ અન્નદાન સર્વ કરતાં શ્રેષ્ઠ કહ્યું છે, કારણ કે અન્ન છે તે દરેક જીવનો પ્રાણ છે. એથી અન્નનું દાન કરનાર પ્રાણનું દાન કરનારો કહેલો છે.

મકરસંક્રાંતિ નિમિત્તે દાનના મહિમાને વિધાર્થી કાળમાં પરિપક્વ કરવા જુ.કે.જી. થી ધો.12 ના વિધાર્થીઓ માટે અન્ન દાન મહાદાન પ્રકલ્પ અંતર્ગત "એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન" હેઠળ **શાળાના દરેક વિધાર્થી એક મુઠ્ઠી ધાન (ઘઉં અથવા ચોખા) અને એક રૂપિયો દાન શાળામાં તા. 10/01/2026 ને શનિવાર થી તા. 13/01/2026ને મંગળવાર સુધીમાં લઈને આવી શકશે.**

ગત વર્ષની જેમ આ વર્ષે પણ એકત્ર થયેલું અનાજ અને જે રૂપિયા દાનમાં આવે તે જરૂરિયાતમંદ વ્યક્તિને અને સંસ્થાને આપવાનો હેતુ રાખ્યો છે.

એકત્ર થયેલ દાન જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આપણા બાળકોની ઉપસ્થિતિમાં કરીશું, તો આવો...આપણે સૌ સાથે મળીને આપણા બાળકોમાં મદદરૂપ થવાની ભાવના નિર્માણ થાય તે માટે પ્રેરણાસ્ત્રોત બનીએ.

'એક મુઠ્ઠી ધાન,એક રૂપિયો દાન' અભિયાનમાં આપની અનુકૂળતા મુજબ વધારે અનાજ અને રૂપિયા પણ આપી શકો છો.

ચાલો, આપણે સૌ મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે દાન યજ્ઞમાં જોડાઈને જરૂરિયાતમંદ વ્યક્તિને મદદરૂપ થવાની ભાવના વ્યક્ત કરીએ એવી અભિલાષા...

**... સહકાર બદલ આભાર ...**